ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
બ્લોક નં.૫,ચોથો માળ,સચિવાલય,ગાંધીનગર.

**જાહેરાત ક્રમાંક: ૦૧/૨૦૨૫-૨૬**
**લીગલ એક્ઝિક્યુટીવની કરાર આધારિત જગ્યા ભરતી**

ઉદ્યોગ અને ખાણ વિભાગ(પ્રોપર)ની મંજુર થયેલ લીગલ એક્ઝિક્યુટીવની ૦૧(એક) જગ્યા પર ૧૧ માસના કરાર આધારિત ધોરણે ભરવાની હોઇ, ઇચ્છુક ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમૂનામાં અરજી મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| જગ્યાનું નામ | લીગલ એક્ઝિક્યુટીવ (૧૧ માસ માટે કરાર આધારિત) |
| કુલ જગ્યા | ૦૧ |
| વય મર્યાદા | ૪૫ વર્ષથી વધારે નહી. |
| પગાર અને ભથ્થા | ૬૦,૦૦૦/- માસિક એકત્રિત રકમ |
| લાયકાત અને અનુભવ | (૧) માન્ય યુનિવર્સિટીની કાયદાના સ્નાતકની પદવી (L.L.B.)<br>(૨) વકીલાતની કામગીરીનો લઘુત્તમ પાંચ વર્ષનો અનુભવ. તે પૈકી નામ. હાઇકોર્ટમાં ઓછામાં ઓછો ૩ વર્ષની વકીલાતનો અનુભવ **અથવા** સરકારી વિભાગો/ વિભાગીય કચરીઓમાં સરકાર વતી નામ. સુપ્રીમકોર્ટ/હાઇકોર્ટ કેસમાં બચાવની કામગીરીનો ૩ વર્ષનો અનુભવ.<br>(૩) CCC કક્ષાનું કોમ્પ્યુટરનું જ્ઞાન |

**અન્ય વિગતો :**

(૧) ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષા પરનું પ્રભુત્વ ઇચ્છનીય છે.

(૨) બાર કાઉન્સીલ ઓફ ગુજરાત અથવા બાર કાઉન્સીલ ઓફ ઇન્ડિયામાં Enrolment હોવું ફરજિયાત.

(૩) અરજી પત્રક સાથે '**ઉપ સચિવ,ઉદ્યોગ અને ખાણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર**'ના નામનો રૂ.૧૦૦/- નો Demand Draft મોકલવાનો રહેશે.

(૪) સંપૂર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરૂરી પ્રમાણપત્રોની નકલ સાથે જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૦ સુધીમાં મળે તે રીતે સંયુક્ત સચિવશ્રી(મહેકમ),ઉદ્યોગ અને ખાણ વિભાગ,બ્લોક નં.૫,ચોથો માળ,સરદાર ભવન,ગાંધીનગરના નામે મોકલી આપવાની રહેશે.

(૫) જાહેરાત અંગે વિગતવાર માહિતી તથા લીગલ ની જગ્યાની બોલીઓ/શરતો અને ફરજો/કામગીરી વિભાગની વેબસાઇટ http://imd.gujarat.gov.in ઉપર મૂકવામાં આવેલ છે.

## લીગલ એક્ઝિક્યુટીવની કરાર આધારિત નિમણૂંક માટેની શરતો :

૧. લીગલ એક્ઝિક્યુટીવની નિમણૂંક તેઓ જે તારીખે ફરજ પર હાજર થાય તે તારીખથી ૧૧ માસની મુદત માટે અથવા જગ્યાની મુદત સુધીની રહેશે.

૨. નિમણૂક કરનાર કે નિમણૂક પામનાર બંને પક્ષો એક માસની નોટીસ આપીને આ નિયુક્તિનો અંત લાવી શકશે.

૩. લીગલ એક્ઝિક્યુટીવને આ જગ્યા પર માસિક રૂ.૬૦,૦૦૦/-ના એકત્રિત વેતન પર કોઇ પણ જાતના ભથ્થાં મળવાપાત્ર થશે નહિં.

૪. કરારના સમય દરમ્યાન તેઓને એકત્રિત વેતનમાં કોઇ પણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહિં તથા મોંઘવારી ભથ્થું,વચગાળાની રાહત તથા બીજા લાભો મળવાપાત્ર થશે નહિં.

૫. કરારના સમયગાળા દરમ્યાનની નોકરી બદલ પેન્શન,બોનસ,એલ.ટી.સી.,એન્કેશમેન્ટ ઓફ લીવ,પેશગી કે તેવા અન્ય નાણાંકીય લાભો મળવાપાત્ર થશે નહિં.

૬. કરારના સમયગાળા દરમ્યાન તેઓનું અવસાન થાય તો તેમણે બજાવેલ સમયગાળાની એકત્રિત લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે.બીજા કોઇ નાણાકીય લાભ,એક્ષગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષંગિક લાભ મળવાપાત્ર થશે નહિં.

૭. લીગલ એક્ઝિક્યુટીવે સમાન સંવર્ગના અધિકારીએ જે ફરજ બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તેવા અધિકારીઓ માટે કચેરીમાં ફરજ પાલન માટે જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કરાર આધારિત અધિકારીએ પણ કચેરીમાં હાજરી આપવાની રહેશે.

૮. લીગલ એક્ઝિક્યુટીવને ઉક્ત સમય દરમ્યાન માસિક-૧ પરચૂરણ રજા મળવાપાત્ર થશે. અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહિં.

૯. લીગલ એક્ઝિક્યુટીવે કાર્ય મથક પર રહેઠાણ રાખવાનું ફરજિયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર તેઓ મુખ્ય મથક છોડી શકશે નહિં. સરકારી કામ માટે તેઓ ચોવીસ કલાક બંધાયેલ છે અને સરકારને તેમની સેવાની જરૂર પડે ત્યારે અચૂક હાજર રહેવાનું રહેશે.

૧૦. લીગલ એક્ઝિક્યુટીવને સરકારી કામ માટે પ્રવાસ પર જવાનું થાય તો સરકારશ્રીના વર્તમાન ધારાધોરણ મુજબ મુસાફરી ભથ્થુ અને દૈનિક ભથ્થુ મળવાપાત્ર રહેશે.

૧૧. કાયદા સલાહકારે પોતાના Email તથા Mobile no.સંબંધિત વિભાગના Nodal officer,કાયદા વિભાગની monitoring શાખા તથા સંબંધિત વિભાગના સચિવશ્રી,ખાતાના વડાને પુરા પાડવાના રહેશે.

૧૨. લીગલ એક્ઝિક્યુટીવને ગુજરાત સીવીલ સર્વિસીઝ(કન્ડક્ટ)૧૯૭૧ માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે અને તેનો ભંગ થયેથી કરારનો સમય કોઇપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકશે.

૧૩. લીગલ એક્ઝિક્યુટીવે તેઓને મળનાર એકત્રિત વેતનની ત્રણ ગણી રકમનું બોન્ડ આપવાનું રહેશે.

૧૪. કરારના સમયગાળા દરમિયાન અન્ય જે કોઇ અગત્યની માહિતી સંબંધિત તેમની ધ્યાનમાં કે જાણમાં આવે તે માહિતી કાયદા સલાહકાર ખુલ્લી કરશે નહિ, પ્રગટ કરશે નહીં કે જાહેર કરશે નહીં. પોતે જે માહિતી પ્રાપ્ત કરે તે અંગે તેમણે ગુપ્તતા જાળવવાની છે.

**૧૫.** લીગલ એક્ઝિક્યુટીવે દર મહિને કેટલા કેસોમાં હાજર રહ્યા કેટલા કોર્ટ કેસોનો નિકાલ થયો તે પૈકી કેટલા કેસોમાં સરકાર પક્ષે તેમજ કેટલા કેસોમાં સરકાર વિરુદ્ધ ચુકાદા આવ્યા તેની કોર્ટ/કેસવારની ચોક્કસ માહિતી સંબંધિત સંયુક્ત સચિવ/નાયબ સચિવને અચૂક રજૂ કરવાની રહેશે.

**૧૬.** નિમણૂંક પત્ર મળ્યા તારીખથી દિન–૭ માં વિભાગમાં ફરજ પર હાજર થવાનું રહેશે. જો તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો તેઓને આ નિમણૂંક સ્વીકાર્ય નથી તેમ ગણીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# **અરજી પત્રક**

પ્રતિ

સંયુક્ત સચિવશ્રી(મહેકમ),

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

બ્લોક નં.૫,ચોથો માળ,

સચિવાલય,ગાંધીનગર.

ઉમેદવારનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો

**વિષય:– લીગલ એક્ઝિક્યુટીવની કરાર આધારિત જગ્યા માટે ઉમેદવારી નોંધાવવા બાબત.**

<table>
<tr><td rowspan="2">૧</td><td colspan="2" rowspan="2">અરજદારનું પૂરુ નામ:</td><td colspan="3"></td></tr>
<tr><td>**અટક**</td><td>**નામ**</td><td>**પિતા/પતિનું નામ**</td></tr>
<tr><td rowspan="3">૨</td><td colspan="2" rowspan="3">પત્ર વ્યવહારનું સરનામું તથા મોબાઇલ નંબર :</td><td colspan="3"></td></tr>
<tr><td colspan="3"></td></tr>
<tr><td colspan="3"></td></tr>
<tr><td>૩</td><td colspan="2">જન્મ તારીખ :</td><td colspan="3"></td></tr>
<tr><td>૪</td><td colspan="2">ઉંમર<br>(જાહેરાતની તારીખના રોજ)</td><td colspan="3"></td></tr>
<tr><td rowspan="5">૫</td><td colspan="5">શૈક્ષણિક લાયકાત</td></tr>
<tr><td>ક્રમ</td><td>પદવી</td><td>માન્ય યુનિવર્સિટીનું નામ</td><td>પાસ કર્યાનું વર્ષ</td><td>મેળવેલ ટકાવારી</td></tr>
<tr><td></td><td></td><td></td><td></td><td></td></tr>
<tr><td></td><td></td><td></td><td></td><td></td></tr>
<tr><td></td><td></td><td></td><td></td><td></td></tr>
<tr><td>૬</td><td colspan="2">અન્ય લાયકાત</td><td colspan="3"></td></tr>
<tr><td>૭</td><td colspan="2">બાર કાઉન્સિલ ઓફ ગુજરાત/ બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયામાં રજીસ્ટ્રેશન કરાવ્યા તારીખ</td><td colspan="3"></td></tr>
<tr><td>૮</td><td colspan="2">અનુભવ</td><td colspan="3"></td></tr>
</table>

## **બાંહેધરી પત્રક**

આથી હું ........................................................................................... જાહેર કરું છું કે ઉપર દર્શાવેલ વિગતો સંપૂર્ણપણે સત્ય છે. જો આ વિગતો ખોટી કે ગેરમાર્ગે દોરનારી જણાશે તો, આ અંગેની પસંદગી સમિતિનો નિર્ણય મને બંધનકર્તા રહેશે.

..........................

અરજી કર્યા તારીખ : **(ઉમેદવારની સહી)**

**નવી બાબત:૨૦૨૫-૨૬**

**ઉદ્યોગ અને ખાણ વિભાગ ખાતે ૧૧ માસના કરાર આધારિત લીગલ એક્ઝિક્યુટીવની ૦૧-જગ્યા ઉભી કરવા બાબત**

ગુજરાત સરકાર

ઉદ્યોગ અને ખાણ વિભાગ

ઠરાવ ક્રમાંક : IMD/MPT/e-file/9/2024/3241/D

સચિવાલય, ગાંધીનગર,

તારીખ:૦૮/૦૪/૨૦૨૫

**પ્રસ્તાવના:**

ઉદ્યોગ અને ખાણ વિભાગની જનસુખાકારી અને સંવેદનશીલ પ્રકારની કામગીરી અન્વયે નામદાર સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટમાં વિભાગના પડતર કેસોની કામગીરી સંદર્ભે ઉદ્યોગ અને ખાણ વિભાગ ખાતે ૧૧ માસના કરાર આધારિત લીગલ એક્ઝિક્યુટીવની ૦૧(એક)જગ્યા નવી ઉભી કરવા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં નવી બાબતને મંજૂરી આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે અત્રેના વિભાગના પડતર કોર્ટ કેસોની કામગીરીને ધ્યાને લઈ ઉદ્યોગ અને ખાણ વિભાગ ખાતે ૧૧ માસના કરાર આધારિત લીગલ એક્ઝિક્યુટીવની ૦૧(એક) જગ્યા ઉભી કરવા માટે સને ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં નવી બાબત હેઠળ કુલ **રૂ.૦.૦૭ કરોડ**ની જોગવાઈને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

❖ **શરતો:**

- લીગલ એક્ઝિક્યુટીવની નિમણૂક બાબતે શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, અનુભવ, મહેનતાણું, રજા, ફરજો/કામગીરી સંબંધિત અને અન્ય જરૂરી શરતો અને બોલીઓ આ સાથે સામેલ **અનુસૂચિ-૧** મુજબ રહેશે.
- કરાર આધારીત સેવાઓ વહીવટી મંજુરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેના થી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પાશ્ચાત્ય વર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
- કરાર આધારીત સેવાઓ લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત કાર્યપધ્ધતિને અનુસરી ભરવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
- કરાર આધારીત સેવાઓ ૧૧ માસ માટે લેવાની રહેશે. સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
- રાજ્ય સરકારની પ્રવર્તમાન કરાર આધારીત સેવાઓની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે ધ્યાને લેવાનું રહેશે.
- નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેંન્તાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.
- કરાર આધારીત સેવાઓ મેળવવાની હોઇ, આથી તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.

- આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
- પ્રસ્તુત બાબત માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
- આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
- આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
- આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
- સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૪૭ |
| મુખ્ય સદર | : | ૩૪૫૧ – સચિવાલય–આર્થિક સેવાઓ |
| ગૌણ સદર | : | ૦૯૦ – સચિવાલય |
| પેટા સદર | : | ૦૧ – ઉદ્યોગ અને ખાણ વિભાગ |

આ હુકમો વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કુણાલ ગામીત)
સેકશન અધિકારી
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી(ઉ.અને ખા.),ઉદ્યોગ અને ખાણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રવાસન),ઉદ્યોગ અને ખાણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી(કુટીર ઉદ્યોગ),ઉદ્યોગ અને ખાણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ),નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(ઉદ્યોગ),ઉદ્યોગ અને ખાણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- એ.જી. કચેરી,ગુજરાત રાજ્ય,અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી,ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી,ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી/શાખા પસંદગી ફાઇલ.

ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૮/૦૪/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક:IMD/MPT/e-file/9/2024/3241/D

## અનુસૂચિ-૧

### (લીગલ એક્ઝિક્યુટીવની નિમણૂક માટે શરતો અને બોલીઓ)

❖ **શૈક્ષણિક લાયકાત:**

- ભારતની માન્ય યુનિવર્સિટીનાં કાયદાના સ્નાતકની ડીગ્રી તથા કાયદાની પ્રેક્ટીસ માટે લાયક હોવા જોઇએ.
- CCC+ level નું કોમ્પ્યુટર કૌશલ્યનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

❖ **વય મર્યાદા:**

- ૪૫ વર્ષથી વધારે નહી.

❖ **અનુભવ:**

- ઓછામાં ઓછો ૫ વર્ષનો પ્રેક્ટીસીંગ એડવોકેટ તરીકેનો અનુભવ ધરાવતા હોવા જોઇએ, તે પૈકી નામ.હાઇકોર્ટમાં ઓછામાં ઓછો ૩ વર્ષની વકીલાતનો અનુભવ **અથવા**
- સરકારી વિભાગો/વિભાગીય કચેરીઓમાં સરકાર વતી નામ.સુપ્રીમ/હાઇકોર્ટ કેસમાં બચાવની કામગીરીનો ૩ વર્ષનો અનુભવ

❖ **પસંદગી:**

- સચિવશ્રી કક્ષાથી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારીની અધ્યક્ષતામાં વિભાગમાં બનેલ પસંદગી સમિતી દ્વારા.

❖ **નિમણૂક બાબત:**

- ઉમેદવાર બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં અને બાર કાઉન્સીલ ઓફ ઇન્ડીયામાં નોંધણી ધરાવતો હોવો જોઇએ.
- પૂર્ણ સમય માટે માત્ર ૧૧ માસ કરાર આધારિત સેવાઓ લઇ શકાશે. જે જરૂરિયાત પ્રમાણે ૧૧ માસની મુદત માટે વધુ બે ટર્મ સુધી આ સમયગાળો કરારીય સેવાઓની પ્રવર્તમાન જોગવાઇઓને કાયદાકીય બાધ ન આવે તે રીતે વધારી શકાશે.
- પસંદગી સમિતી કામગીરીની દર ત્રણ માસે સમિક્ષા કરી આ સેવાઓ અસંતોષકારક જણાય તો એક માસની નોટિસ આપી સેવાઓનો અંત લાવી શકાશે.

❖ **મહેનતાણું અને રજા:**

- કાયદા સલાહકારને આ જગ્યા પર માસિક રૂ.૬૦,૦૦૦/-ના એકત્રિત વેતન પર કોઇપણ જાતના ભથ્થા વિ.મળવાપાત્ર થશે નહીં.
- કરારના સમય દરમિયાન તેઓને એકત્રિત વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહીં તથા વચગાળાની રાહત તથા બીજા લાભો મળવા પાત્ર થશે નહીં.
- કરારના સમયગાળા દરમિયાનની નોકરી બદલ પેન્શન, બોનસ, એલ.ટી.સી.એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવો અન્ય નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહીં.

Amit

- કરારના સમયગાળા દરમિયાન તેઓનું અવસાન થાય તો બજાવેલ સમયગાળાની એકત્રીત લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. બીજા કોઇ નાણાંકીય લાભ,એક્ષ ગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.

- કાયદા સલાહકારને સરકારી કામે પ્રવાસ પર જવાનું થાય તો સરકારશ્રીના વર્તમાન ધોરણો મુજબ મુસાફરી ભથ્થુ અને દૈનિક ભથ્થુ મળવાપાત્ર રહેશે.

- તેઓને ૧૧(અગીયાર)પરચુરણ રજા મળવાપાત્ર થશે. અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહીં.

❖ **અન્ય બાબતો**

- કાયદા સલાહકારે કાર્ય મથક પર રહેઠાણ રાખવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર તેઓ મુખ્ય મથક છોડી શકશે નહીં. (સરકારી કામ માટે તેઓ ચોવીસ કલાક બંધાયેલા છે અને સરકારને તેમની સેવાની જરૂર પડે ત્યારે તેમણે અચૂક હાજર રહેવાનું રહેશે.)

- કાયદા સલાહકારે પોતાના Email તથા Mobile no.સંબંધિત વિભાગના Nodal officer,કાયદા વિભાગની monitoring શાખા તથા સંબંધિત્ વિભાગના સચિવશ્રી, ખાતાના વડાને પુરા પાડવાના રહેશે.

- તેઓને ગુજરાત સીવીલ સર્વીસીસ(કન્ડક્ટ)રૂલ્સ-૧૯૭૧માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે. અને તેનો ભંગ થયેથી કરારનો સમય કોઇપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકાશે.

- કરારના સમયગાળા દરમિયાન અન્ય જે કોઇ અગત્યની માહિતી સંબંધિત તેમની ધ્યાનમાં કે જાણમાં આવે તે માહિતી કાયદા સલાહકાર ખુલ્લી કરશે નહિ, પ્રગટ કરશે નહીં કે જાહેર કરશે નહીં. પોતે જે માહિતી પ્રાપ્ત કરે તે અંગે તેમણે ગુપ્તતા જાળવવાની છે.

- નિમણૂંક પત્ર મળ્યા તારીખથી દિન-૭માં વિભાગમાં ફરજ હાજર થવાનું રહેશે. જો તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો તેઓને આ નિમણૂંક સ્વીકાર્ય નથી તેમ ગણીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

❖ **ફરજો/કામગીરી**

- કાયદાકીય બાબતો અંગે સરકાર પક્ષે સરકાર વતી નામ. કોર્ટમાં બચાવ માટે સીધે સીધી રજુઆત માટે ઉપસ્થિત રહેવાનું થશે નહી. પરંતુ, સરકારના સંબંધિત સરકારી વકીલને કેસની બ્રીફ સાથે કેસની વિગતો થી અવગત કરાવવાના રહેશે તથા ફાળવેલ વિભાગના વડાનાં નિયંત્રણ હેઠળ કામગીરી બજાવવાની રહેશે.

- કાયદા સલાહકારએ વિભાગ/ કચેરી કક્ષાએ કેસોનાં મોનીટરીંગ, સુપરવીઝન, સંકલન અને કેસની બ્રીફ તૈયાર કરવાની કામગીરી કરવાની રહેશે. દર માસે કેટલા કોર્ટ કેસોની નિકાલ થયો. તે પૈકી કેટલા કેસોમાં સરકાર પક્ષે તેમજ કેટલા કેસોમાં સરકાર વિરુદ્ધ ચુકાદા આપ્યા તેની કોર્ટ/કેસવારની ચોક્કસ માહિતી વિભાગના સચિવશ્રીને દર સપ્તાહે અચુક રજુ કરવાની રહેશે.

- ફાળવેલ વિભાગને સંબંધિત લીગલ મેટર્સમાં જરૂરી સલાહ આપી, સરકારી વકીલશ્રીને સહાયરૂપ કેસની વિગતો સાથે બ્રીફ તૈયાર કરી જરૂરી કાયદાકીય સલાહ આપવી.

- Law officers (Appointment and Condition of Service) and Conduct of Legal Affairs of Government Rules-2009 ની મર્યાદામાં સરકારના કાયદા સલાહકાર(સરકારી વકીલ)ને યોગ્ય સુચના-માહિતી સમયસર પૂરી પાડવાની રહેશે.

- રીસર્ચ (સંશોધન)ની કામગીરી.

Pamit

- Statement of fact અને નોંધ તથા પેરા વાઇસ રીમાર્કસ તૈયાર કરવા, દસ્તાવેજી પુરાવા/પુર્તતા કરી સબંધિત નામ. કોર્ટના સરકારી વકીલશ્રીને પુરા પાડવા.

- સરકાર વતી સમયસર એફીડેવીટ–ઇન–રીપ્લાય તૈયાર કરી સમયસર(Well in time) દાખલ કરવા અને તે મુજબ જ્યુડીશીયલ/ક્વોઝી જ્યુડીશીયલ કચેરીઓ/હાઇકોર્ટ, સુપ્રિમ કોર્ટ સમક્ષ સરકારનું હિત/પક્ષ અસરકારક રીતે કોર્ટ સમક્ષ રજુ થાય અને સરકારનું હિત જળવાઇ રહે તે અંગે પુરતી કાળજી લેવાની રહેશે.

- કાયદા સલાહકાર તરીકે નિમણૂંક પામનારા એડવોકેટશ્રીએ નેશનલ લીટીગેશન પોલીસી અને સ્ટેટ લીટીગેશન પોલીસી અન્વયે રાજ્ય સરકાર વતી કે રાજ્ય સરકાર સામે દાખલ થયા હોય તેવા કેસોના મોનીટરીંગ અને પુરા કરાવવા માટે નીચેની બાબતોને ધ્યાને રાખવાની રહેશે.

    - Focusing on core issues involved in the litigation and addressing them squarely.
    - Managing and conducting litigation in a cohesive, coordinated and time bound manner.
    - Ensuring that correct facts and all relevant document will be placed before the court.
    - Pending cases with the government as party to be reviewed on priority basis to enable quick disposal.
    - Propose monitoring and review mechanism to sensitize government in important cases and avoid delay.

- વિભાગ અને તેની હેઠળની ખાતાના વડાની કચેરીઓના કેસોની સંખ્યા, તેનું વર્ગીકરણ અને કયા સ્ટેજ પર કેસ છે તે અંગેની માહિતી એકઠી કરવાની રહેશે. તેનું Online portal પર મોનીટરીંગ કરવાનું રહેશે..

- કાયદા સલાહકારએ વિભાગ અને તેની હેઠળની ખાતાના વડાની કચેરીઓના હાઇકોર્ટ, સુપ્રીમ કોર્ટ તેમજ અન્ય સબ ઓર્ડીનેટ કોર્ટ્સ, ટ્રીબ્યુનલ્સ કે અન્ય ઓથોરીટી સમક્ષ જે કેસો ચાલતા હોય તેનું અપડેશન દરેક તબક્કે કરવાનું રહેશે અને જે કોઇ હુકમ કે અંતિમ ચુકાદો આવે કે તે ચુકાદાથી જે તે વિભાગના નોડલ ઓફીસર તથા સચિવશ્રી/સંબંધિત સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રીને લેખિતમાં વાકેફ કરવાના રહેશે.

- કોર્ટમાં દરેક તારીખે વિભાગના સચિવશ્રી/સંબંધિત સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી જણાવે તો તે કેસમાં હાજરી આપવાની રહેશે.

- વિભાગના કેસોમાં હુકમ કે વચગાળાના હુકમ સંબંધે સચિવશ્રી/સંબંધિત સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી તથા નોડલ ઓફીસરને જાણ કરવાની રહેશે.

- કાયદા સલાહકાર એ વિભાગના કેસો સિવાય મહત્વની બાબતોમાં કે જ્યા કોઇ કાયદાકીય કે હકીકતના આધારે અભિપ્રાય આપવાનો અપેક્ષિત થતો હોય તો તે કાયદા વિભાગના પરામર્શમાં મેળવવાનો થતો હોય તો તે આપવાનો/મેળવી આપવાનો રહેશે.

- સરકારશ્રીમાં ખાસ વિભાગના કેસો જે સરકારશ્રીની અગત્યની પોલીસીને અસરકર્તા હોય તેનું સતત મોનીટરીંગ કરવાનું રહેશે. અને તેનાથી વિભાગના સચિવશ્રી/સંબંધિત સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રીને અવગત કરવાના રહેશે.

- આ ઉપરાંત,વિભાગના સચિવશ્રી વખતો વખત કોર્ટ કેસ સંબંધી જે કાર્યવાહી સોંપે તે કરવાની રહેશે.

------x------x------x------x------x------x------x------x------x------x------x------x------x------x------

Amit

**ઉદ્યોગ અને ખાણ વિભાગ ખાતે ૧૧ માસના કરાર આધારિત**

**લીગલ એક્ઝિક્યુટીવની ૦૧–જગ્યા ઉભી કરવા બાબત.**

ગુજરાત સરકાર

ઉદ્યોગ અને ખાણ વિભાગ

ઠરાવ ક્રમાંક:IMD/MPT/e-file/9/2024/3241/D

સચિવાલય,ગાંધીનગર

તા.૩૦/૦૭/૨૦૨૫

**વંચાણે લીધા:**

૧) વિભાગનો તા.૦૮/૦૪/૨૦૨૫નો સમાન ક્રમાંકનો ઠરાવ.

**સુધારા ઠરાવ:**

ઉપર વંચાણે લીધેલ ઠરાવથી વિભાગ ખાતે લીગલ એક્ઝિક્યુટીવની ૦૧–જગ્યા ૧૧ માસના કરાર આધારિત ઉભી કરવામાં આવેલ. લીગલ એક્ઝિક્યુટીવની નિમણૂક બાબતે શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, અનુભવ, મહેનતાણું, રજા, ફરજો/કામગીરી સંબંધિત અને અન્ય જરૂરી શરતો અને બોલીઓ ઠરાવ સાથે સામેલ અનુસૂચિ–૧ મુજબ નિર્ધારિત કરવામાં આવેલ.

ઉપર વંચાણે લીધેલ ઠરાવ સાથેની અનુસૂચિ–૧માં દર્શાવેલ લીગલ એક્ઝિક્યુટીવની શૈક્ષણિક લાયકાતમાં "CCC+ level" ની જગ્યાએ "CCC level"નું કોમ્પ્યુટર કૌશલ્યનું જ્ઞાન ધરાવતા હોવાનું ઠરાવવામાં આવે છે તથા લીગલ એક્ઝિક્યુટીવની નિમણૂક બાબતમાં "ઉમેદવાર બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં અને બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયામાં નોંધણી ધરાવતો હોવો જોઇએ"ની જગ્યાએ "ઉમેદવાર બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં અથવા બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયામાં નોંધણી ધરાવતો હોવો જોઇએ" તેમ ઠરાવવામાં આવે છે. ઠરાવની તથા અનુસૂચિ–૧ની અન્ય તમામ બાબત યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ. પી. ગામેતી)
ઉપસચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી(ઉ. અને ખા.), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રવાસન), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(કુટીર ઉદ્યોગ), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ),નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(ઉદ્યોગ), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એ.જી.કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારી/શાખા પસંદગી ફાઈલ.